

Y1H5Z7

# પ્રકરણ ૪
# અમૃતાની વાર્તા

ઘણાં વર્ષ પહેલાંની વાત છે. રાજસ્થાનમાં જોધપુર આવેલું છે. એની નજીક ખેજડી નામનું ગામ છે. ગામનું નામ ખેજડી કેમ પડ્યું ? ગામમાં ખેજડીનાં ઝાડ (વૃક્ષ) ઘણાં ઊગતાં એટલે ગામનું નામ જ ખેજડી પડી ગયું. ગામનાં લોકો ઝાડવાં અને પ્રાણીઓને પ્રેમ કરતાં. તેઓ કહેતાં, ‘‘વૃક્ષો છે, તો જ આપણે છીએ.’’

## અમૃતાના મિત્રો

અમૃતા સવારે વહેલી વહેલી ઊઠી જાય. પોતાના વૃક્ષ પાસે જઈ તેને વહાલ કરે. રોજ નવા વૃક્ષ પાસે જાય. એને ભેટે અને કહે, ‘‘અરે, તું મજબૂત છે, ખૂબ જ સુંદર છે. અમને સંભાળે છે, હું તને ખૂબ પ્રેમ કરું છું. મનેય તારા જેવી બનાવ.’’

**શિક્ષક માટે :** બાળકોને શાળામાં રહેલા ભારતના નકશામાં રાજસ્થાન શોધવા પ્રોત્સાહિત કરો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



અમૃતાની જેમ, બીજાં બાળકોનાં પણ તેમનાં ખાસ વૃક્ષો હતાં. તેઓ વૃક્ષોના છાંયડા (shade-શેડ) માં  કલાકો સુધી રમતાં.

- તમારા ઘર પાસે, શાળા પાસે અથવા આસપાસ રસ્તાઓની બાજુમાં વૃક્ષો વાવેલાં છે ?

- આપણે ઝાડ કેમ વાવીએ છીએ ?

---

- તમે કોઈને છોડવાઓને પાણી પિવડાવતા જોયા છે ? કોણ પાણી પિવડાવે છે ?

---



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- તમે વૃક્ષો પર કોઈ ફળ જોયાં છે ? આ ફળો કોણ ખાય છે ?

- લલિતાને લાગે છે કે એની શાળાની દીવાલ પર ઘાસ અને નાના છોડ ઊગ્યાં છે જે કોઈએ વાવ્યાં નથી. શું તમે એવી કોઈ જગ્યા જાણો છો કે જ્યાં ઘાસ, નાનાં છોડ અને વૃક્ષો કોઈના વાવ્યાં વગર પોતાની જાતે ઊગતાં હોય ?

U6V4B7

- આ ઝાડ કેમ ઊગ્યાં હશે ? તમે શું માનો છો ?

## જોખમમાં વૃક્ષો

સમય જતાં અમૃતા મોટી થઈ. એક દિવસ તે તેના વૃક્ષને મળવા ગઈ. ત્યાં થોડા અજાણ્યા (strangers-સ્ટ્રેન્જર્સ) માણસો જોયા. તેમની પાસે કુહાડીઓ હતી. તેઓએ કહ્યું, રાજાએ તેમને લાકડાં માટે વૃક્ષો કાપવા મોકલ્યા છે. રાજાને લાકડું મહેલ બનાવવા જોઈતું હતું.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



અમૃતા આઘાતમાં હતી. પેલો માણસ વૃક્ષ કાપવાનો હતો તે વૃક્ષ પાસે ગઈ. તેણે વૃક્ષના થડની આજુબાજુ હાથ મૂકી વૃક્ષને જોરથી બાથમાં લીધું. માણસે તેને ડરાવવા બૂમ પાડી, પરંતુ અમૃતા વૃક્ષને છોડવા માગતી ન હતી. રાજાના માણસોએ તેનો હુકમ માનવો પડે. તેઓએ વૃક્ષોને કાપવાનાં હતાં. આ જોઈ અમૃતાની છોકરીઓ અને ગામના સો જેટલા ઘરડા અને યુવાન માણસોએ વૃક્ષોનું રક્ષણ કરવા બાથ ભરી. અમૃતા અને તેની છોકરીઓ સાથે વૃક્ષોને બચાવવા ઘણાં લોકો મરી ગયાં.

જ્યારે રાજાએ આ સાંભળ્યું, તેને વિશ્વાસ ન થયો કે વૃક્ષોને બચાવવા લોકોએ પોતાના જીવની પણ પરવા ન કરી. તેણે પોતે ગામની મુલાકાત લીધી. ત્યાં તેણે ગામના લોકોની વૃક્ષો અને પ્રાણીઓ પ્રત્યેની ઊંડી લાગણી જોઈ.



- શું તમને યાદ છે, આ ગામના વડીલો શું કહેતા હતા ?
- શું આપણે વૃક્ષો અને પ્રાણીઓ વગર રહી શકીએ છીએ ? તમારા વર્ગખંડમાં આ ચર્ચા કરો.

## ગામ રક્ષિત છે.

ગામના લોકોની વૃક્ષો પરની લાગણીએ રાજાને પીગળાવ્યો. તેણે હુકમ કર્યો કે, 'આ વિસ્તારમાં કોઈ વૃક્ષ કાપવામાં નહિ આવે કે કોઈ પ્રાણીને મારવામાં નહિ આવે.' આ ઘટનાને લગભગ ૩૦૦ વર્ષ થઈ ગયાં છે.  આ વિસ્તારના લોકો 'બિશ્નોઈ' કહેવાય છે, જે વૃક્ષો અને



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



પ્રાણીઓનું રક્ષણ કરે છે. આ વિસ્તાર રણની વચ્ચે હોવા છતાં લીલોછમ છે અને અહીં પ્રાણીઓ કોઈ પણ જાતનાં ભય વિના ફરે છે.


S8I2A4

## કોઈ પણ એક વૃક્ષ વિશે લખો :

- વૃક્ષનું નામ : ____________________
- વૃક્ષને ફૂલ છે ? કયા રંગનાં ?
  ____________________
- વૃક્ષ પર ફૂલ આખા વર્ષ દરમિયાન રહે છે ?
  ____________________
- કયા મહિનામાં તેનાં પાંદડાં ખરી પડે છે ?
  ____________________
- વૃક્ષ ઉપર ફળો આવે છે ? તેનું નામ લખો.
  ____________________



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



- કયા મહિનામાં વૃક્ષ પર ફળ બેસે છે ?

- શું તમે આ ફળો ખાધાં છે ? તેનો સ્વાદ કેવો છે ?

## ચર્ચા કરો :

- લોકો શિકાર શા માટે કરતા હશે ?

- કેટલીક જગ્યાએ કેટલાંક પ્રાણીઓનો શિકાર કરવાની મનાઈ હોય છે. ત્યાં શિકાર કરવા બદલ લોકોને સજા (punishment-પનિશમેન્ટ) થઈ શકે છે. આ સજા શા માટે કરાતી હશે ?

## તમારાં દાદા-દાદી સાથે વાત કરો અને જાણકારી મેળવો :

- તેઓ જ્યારે તમારી ઉંમરનાં હતાં, ત્યારે તેમની આસપાસ કયાં પક્ષીઓ તેમણે જોયાં હતાં ?

- શું તે પક્ષીઓની સંખ્યા ઓછી થઈ ગઈ છે ?

- કોઈ એવાં પક્ષીઓ અને પ્રાણીઓ છે જે તેઓને હાલમાં જોવા મળતાં નથી ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- શાંતિના દાદાએ કહ્યું કે જ્યારે તે નાના હતા ત્યારે તેમણે ચકલીઓ અને મેના જેવાં ઘણાં પક્ષીઓ જોયાં હતાં, જે હાલમાં ઓછાં જોવા મળે છે. આ પક્ષીઓ ઓછાં થવાનું કારણ તમે કહી શકશો ?

અમૃતાના ગામમાં ખેજડીનું વૃક્ષ ખૂબ જ સામાન્ય હતું. તે બધે ઊગી નીકળતું. તમે તમારા વિસ્તારમાં કયા પ્રકારનાં વૃક્ષો વધુ જુઓ છો ? તેવાં બે વૃક્ષનાં નામ લખો.

- તમારા વડીલો પાસેથી એ વૃક્ષ વિશે વધારે જાણકારી મેળવો.



ખેજડીનાં વૃક્ષો સામાન્ય રીતે રણ વિસ્તારમાં જોવા મળે છે. તે ઓછા પાણીથી પણ ટકી શકે છે. તેની છાલ (bark-બાર્ક) માંથી દવા બને છે. લોકો તેનાં ફળોને રાંધીને જમે છે. તેનું લાકડું એવું હોય છે જેમાં જીવજંતુ પડતાં નથી. આ વિસ્તારમાં રહેતાં પ્રાણીઓ ખેજડીનાં પર્ણો ખાય છે અને બાળકો તેના છાંયડામાં રમવાનું પસંદ કરે છે.

**શિક્ષક માટે :** બાળકોને તેમના વડીલોને પ્રાણીઓ અને જીવજંતુઓ વિશે પૂછવા પ્રોત્સાહિત કરો. પર્યાવરણના ફેરફારના લીધે પક્ષીઓની સંખ્યા ઘટી રહી છે તેની બાળકો સાથે ચર્ચા કરો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in